

# નમસ્કાર ગાંધીનગર

રમેશ ઠક્કર

## પમરાટ

છેડું છું ગઝલ મારી, પછી આ ગઝલ મારી રહેતી નથી,
ફોડું છું પથ્થર ત્યાં જળ પ્રગટે ને પ્યાસ મારી રહેતી નથી.

વગડો વિંધવાનો મનસુબો કરે, તેને મુસીબતો રહેતી નથી,
જ્યાં બે હૃદય એક બને તેને, બીજાની પરવા રહેતી નથી.

શરણાઈના મંગલ સુર છેડું છું, ભલે કોઇ સાંભળનાર નથી,
કોઇ આવજો દીવાલો ઓગળી જશે, દ્વાર ખોલવાના રે'તા નથી.

કોઇની આજ્ઞા થઇ છે દોડો, પછી તો દોડ્યા વિના છુટકો નથી,
ઉભા રહીએ સમયને રોકવા, જગતમાં એવો તો કોઇ ત્રુટકો નથી.

- યોગેશભાઇ 'સ્વજન'

## પાથેય

# આફતને અવસરમાં ફેરવવાનો ઈલમ...

મોટાભાગના લોકોને એવી ફરિયાદ રહેતી હોય છે કે લોકો એમની પ્રગતિ જોઈ શકતા નથી.એમના માટે ઘણા બધા લોકો છૂપી ઈર્ષ્યા કરતા હોય છે. આ વાત પણ સાચી છે.જગતમાં આમ જોઈએ તો કોઈ કોઈનું હોતું નથી. દરેકને પોતાનો સ્વાર્થ હોય છે.પોતપોતાની વિચારસરણી હોય છે.સુખ માટેની દરેકની પોતાની અલગ તલાશ હોય છે.એમાં સામેની વ્યક્તિની અનુકૂળતાકે લાગણીઓની કોને પડી હોય ? દુનિયાનો દસ્તુર એવો છે કે એમાં સીધે રસ્તે ચાલનારની મજાક થતી રહે છે.લોકો કારણવગર અન્યના રસ્તામાં અડચણો ઉભી કરે છે.બીજાની પડતી જોઈ આનંદ માણે છે..

જગતમાં આવા નિષ્ઠુર વલણ સામે માણસ જો મક્કમ બનીને ઊભો ના રહે તો એ ફેંકાઈ જાય.કહેવાય છે કે જે માણસ અડીખમ બનીને ઉભો રહે છે એ જ અંત સુધી ટકી શકે છે.આફતને મનગમતા અવસરમાં ફેરવી નાખનાર માણસો જ મંઝિલ સુધી પહોંચતાહોય છે.કશુંક નક્કર કામ કરી શકતા હોય છે.લોકો તરફથી જે મુશ્કેલીઓ આપવામાં આવે એમાંથી પોતાની સહનશક્તિ અને ધીરજથી તકો શોધી આગળ વધતા રહેવું એ જ આનો પ્રતિભાવ હોઈ શકે. હએક સુંદર ઉદાહરણ હમણાં વાંચવામાં આવ્યું હતું..

એક દિવસ એક ખેડૂતનો ગધેડો કુવામાં પડી ગ્યો. ગધેડો મોટે મોટેથી કલાકો સુધી રોવા લાગ્યો. અને ખેડૂત તેને કૂવામાંથી બહાર કેમ કાઢવો એ વિષે વિચાર અને પ્રયત્ન કરતો રહ્યો. કોઈ રસ્તો ના સૂઝ્યો.

અંતે કંટાળીને ખેડૂતે વિચાર કર્યો કે ગધેડો આમેય બૂઢો થઈ ગયો છે, અને કૂવો ઓલમોસ્ટ સુકો છે. આગળ જતા માણસ તેમાં પડી ના જાય એ માટે કૂવો પૂરી દેવો જોઈએ, ગધેડા સાથે.

એણે બધા પાડોશીઓને બોલાવ્યા અને કહ્યુ કે આ રહ્યા પાવડા, મને મદદ કરો..બધા રેતી નાખીને કૂવો પૂરી દઈએ. બધાએ મદદ કરવા માંડી.

ગધેડાને ખબર પડી કે શું ચાલી રહ્યુ છે એટલે તેનુ રુદન વધ્યુ. પણ બધાના આશ્ચર્ય વચ્ચે થોડી રેતી નાખ્યા બાદ તેનુ રુદન અને બૂમાબૂમ બંધ થઈ ગઈ.

ખેડૂતને કુતૂહલ થયુ.અને કૂવામાં નજર કરી તો પોતાના શરીર પરથી ખેડૂત આણી કંપનીએ નાખેલી રેતી ખંખેરી દેતો હતો. ધીમે ધીમે રેતી વધતી જતી હતી તેમ તેમ તે પણ ઉપર આવતો જતો હતો.અંતે કૂવાની બહાર આવી પોતાને રસ્તે પડ્યો.

જીવનમાં સાચે જ આવું બનતું હોય છે.લોકો તમારા મારા ઉપર રેતી ફેંકશે.પરંતુ રોવાને બદલે રેતી ખંખેરી તેના પગથિયાં બનાવી ઉપર આવો.

જીવન માટેનો આવો વિધાયક અને લડાયક અભિગમ જ માણસને ઉન્નત બનાવતો રહે છે.મુસીબતોની સામે જે લોકો ઢગલો થઈ જાય છે ,એની ઉપરથી લોકો સડસડાટ ચાલતા રહે છે. મુસીબતો સામે અડીખમ ટકી રહેનાર માણસો જ હંમેશા આદર પામતા રહે છે.

# 'ઘાયલ' ગઝલ ગઝલ છે, ગઝલ એટલે ગઝલ



ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

વર્ષાના વધામણાંનો સમય આ વર્ષે ઉત્સાહપ્રેરક રહ્યો. નાની મોટી સમસ્યાઓ છતાં એકંદરે મેઘરાજા ગુજરાત સહીત સમગ્ર દેશમાં કૃપાળુ રહ્યા. માટીની આ ભીની સુગંધમાં ઓગસ્ટ માસ અનેક સંભારણાઓ લઈને આવ્યો છે. દેશ આઝાદ થયો તેનું સુખદ સંભારણું તો ખરું જ. આ માસમાં જ આપણી ભાષાના બે દિગ્ગજ સર્જકો ઝવેરચંદ મેઘાણી તથા 'ઘાયલ' સાહેબ (અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ)ની પણ સ્મૃતિ થાય છે. બંને સર્જકોનું પ્રાગટ્ય ઓગસ્ટ માસમાં જ થયું હતું. મેઘાણીએ 'સૌરાષ્ટ્રની રસધાર' લખીને એક ચિરંજીવી લોકસાહિત્ય કથાઓનું નિર્માણ કર્યું. રસધારના પહેલા ભાગને પ્રકાશિત થયાને સો વર્ષનો સમયગાળો થયો છે. આથી આ વર્ષ રસધારની શતાબ્દી વંદનાનું પણ છે. ઘાયલ સાહેબના જન્મને શતાબ્દી ઉપરાંત એક દસકા જેટલો સમય થયો. આજે પણ આ બંને સર્જકો લોકહૈયે જીવંત છે. મેઘાણી તથા ઘાયલની રચનાઓ આજે પણ ગવાતી તથા ઝીલાતી રહે કે. વર્ષો પછી પણ લોકહૈયે રહે તે સાહિત્ય ખરા અર્થમાં ચિરંજીવી સાહિત્ય છે.

આ બંને સર્જકોની શબ્દ ઉપાસનામાં પણ એક સામ્ય છે. આ બંને સર્જકોએ તળપદી બોલચાલની ભાષાને પ્રાધાન્ય આપીને પોતાની રચનાઓ કરી છે. સ્વામી આનંદની નોંધ પ્રમાણે ઘાયલ સાહેબે સ્વામીદાદાને એક મહત્વની વાત પોતાના ભાષાકર્મ વિષયમાં કરી. ઘાયલ કહે છે કે તેઓને ચોખલિયા સાક્ષરોની ભાષા ગમતી નથી. તેથી તેઓ આ ધુંસરીનો ભાર ઉપાડતા નથી. હૈયે ઉગેલા શબ્દને જોતરીને જ ઘાયલ પોતાની રચનાઓનું સર્જન કરે છે. આ બાજુ મેઘાણી પણ લોકવાણીનું પ્રાધાન્ય સમજી-સ્વીકારીને પોતાની વાત રજુ કરે છે. આ બંને સર્જકો તેમના ભાષા કર્મ અંગે કોઈ ચોખલિયા વલણને મોહતાજ નથી. શબ્દને તેમણે દીપાવી જાણ્યો છે. લોકહૈયે આ શબ્દ ટકી રહ્યો છે.

સર્જક પોતાનો યુગધર્મ જાણીને સર્જનકાર્ય કરતો રહે છે. કવિ ક્રાન્ત-દ્રષ્ટા છે. આથી આવનારા સમયને પણ ઓળખીને પોતાના સર્જનોને દિશા આપે છે. ઘાયલ સાહેબના વ્યક્તિત્વના અનેક પાસા છે. આ દરેકનો અભ્યાસ કરતા એ વાત તરત જ નજરે ચડે છે કે આ શાયર સ્વમાનના ભોગે કોઈપણ કાર્ય કરતો નથી. સ્વમાન જાળવીને તેમજ અન્ય પ્રત્યે સદ્ભાવ જાળવીને આ શાયર જીવ્યા છે. જીવન એમણે પૂર્ણતાના ભાવથી માણ્યું છે. પોતાના મનની આ વાત લખતા તેઓ કહે છે:

ખુબ અંદરબહાર જીવ્યો છું.
ઘૂંટે ઘૂંટે ચિક્કાર જીવ્યો છું.
હું ય વરસ્યો છું ખુબ જીવનમાં
હું ય બહુ ધોધમાર જીવ્યો છું.
આમ 'ઘાયલ' હું અદનો શાયર
પણ સર્વથા શાનદાર જીવ્યો છું.

ઘાયલની ખુમારીનું દર્શન તેમણે પોતાના એક પત્રમાં ટાંકેલા કેટલાક સ્વાનુભવો પરથી થાય છે. આવા દરેક પ્રસંગે શાયર ઘાયલ મૂંઠી ઊંચેરું વ્યક્તિત્વ ધરાવતા સર્જક લાગ્યા છે. તેઓ કહે છે એ વાત સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય હતું તે સમયની છે. આપણે જાણીએ છીએ તેમ બૃહદ મુંબઈ તથા પછીથી ગુજરાત સાથે જોડાણ થયું તે પહેલા સૌરાષ્ટ્રનું પોતાનું એક અલગ રાજ્ય તરીકે અસ્તિત્વ હતું. સૌરાષ્ટ્ર રાજ્યનું હેડક્વાર્ટર રાજકોટ હતું. આ સમયે ઘાયલને મળવા માટે એક કવિ મિત્ર આવ્યા. આ કવિ પોતે પણ રાજ્ય સરકારમાં એક ઉચ્ચ હોદ્દા પર હતા. તેમણે ઘાયલને સહજ વાતચીતમાં કહ્યું કે તેમણે તથા ઘાયલે મુખ્યમંત્રીશ્રી અને ધારાસભ્યો સમક્ષ કાવ્યપઠન માટે જવાનું છે. હવે અહીં ઘાયલ એક સ્વમાની સર્જક હોવાથી તેમના ગળે આ વાત ઉતરતી નથી. કવિઓએ આવા કોઈ સરકારી કાર્યક્રમોમાં જવાનું હોય તો પ્રથમથી જ તેમને વિધિવત આમંત્રણ આપીને નિમંત્રિત સર્જકની સંમતિ લેવી જોઈએ. પોતાની સંમતિ મેળવવામાં ન આવી હોવાથી ઘાયલ સાહેબે પોતાના સ્વભાવ મુજબ-કાવ્યપઠન માટે જવાની સ્પષ્ટ ના પાડી. "તમે સરકારના નોકર છો તેનો વિચાર તો કરો." આમંત્રણ આપનારા કવિએ વ્યવહારુ ડહાપણ આપ્યું. પરંતુ વ્યવહારના જગતમાં પોતાનું સ્વમાન કોરાણે મૂકીને જનારા શાયરોમાં તેઓ ન હતા. આ "ગેબના ગાયક"ને દુન્વયી ડહાપણ સાથે ઓછી નિસબત હતી.

અમે તો ગેબના ગાયક
જમાવીને બેઠાતા,
અહીં નહિ તો હવાને
જામતાં બહુ વાર લાગે છે.
શબ્દની આરપાર જીવ્યો છું.
હું બધું ધારદાર જીવ્યો છું.
સામા પુરે ધરાર જીવ્યો છું.
વિષ મહી નિર્વિકાર જીવ્યો છું.

મુશાયરાનું નિમંત્રણ ન સ્વીકારવા પાછળનું કારણ સ્પષ્ટ કરીને તેમણે સાથી કવિને મુખ્યમંત્રીશ્રી માટે વ્યક્તિગત રીતે ઘણો આદર છે તે વાત પણ કરી. ઢેબરભાઈને આ વાત કહેવામાં આવી. ગાંધીના સાનિધ્યમાં ઉછરેલી નેતૃત્વની એક હરોળ તે સમયે પુરા દેશમાં હતી. ઢેબરભાઈ પણ તેમાંના એક હતા. તેમને ઘાયલના આ નિર્ણયમાં સહેજ પણ અજુગતું લાગ્યું નહિ. ઢેબરભાઈની ઉદારતાના પણ દર્શન થયા. ઘાયલના પ્રથમ ગઝલ સંગ્રહ 'શૂળ અને શમણાં'નું વિમોચન કરવા માટે મુખ્યમંત્રી ઢેબરભાઈને પ્રકાશક તરફથી આમંત્રણ મોકલવામાં આવ્યું. મુખ્યમંત્રી તે દિવસે જામનગર એક સરકારી કાર્યક્રમમાં હતા, તે કાર્યક્રમ ઉતાવળે પૂરો કરી ઢેબરભાઈ રાજકોટ આવ્યા અને ઘાયલ સાહેબની ગઝલ સંગ્રહનું વિમોચન કર્યું. ઘાયલ લખે છે કે તે દિવસે પૂર્વના સરકારી કાર્યક્રમો તથા મુસાફરીના થાકથી ઢેબરભાઈ થાકેલા જણાતા હતા. આમ છતાં લાંબા સમય સુધી ઘાયલના પુસ્તક વિમોચનના પ્રસંગે બેઠાં અને દરેક કવિને રસથી સાંભળ્યા. વિમોચિત થયેલા પુસ્તકની એક પ્રતમાં પોતાના હસ્તાક્ષરથી કવિની સ્નેહપૂર્વક વધામણી કરી. આટલું જ નહિ પરંતુ ઘાયલ અગાઉ યોજાયેલા કાવ્યપઠનમાં હાજર ન રહેલા તેનો પણ ગૌરવભેર ઉલ્લેખ કર્યો. ઘાયલના કવિકર્મને હૈયાના ભાવથી બિરદાવ્યું. સ્વમાની શાયરની ઉચિત કદર કરવામાં આવી તેમ કહી શકાય. ઓગસ્ટ માસમાં ફરી એક વખત ઘાયલ સાહેબની સ્મૃતિ વંદના કરીએ.

# તમને પારકા માનું કે માનું પોતાના?



હળવે હૈયે
પ્રકાશ લાલા

'હવે ચાલો....'
'લાવો.'
'શું ?'
'ચા.... તમે કહ્યું ને કે ચા....લો!'
'ચા પીવા નથી બોલાવતી.... સવારે નહોતું હ્યું કે માર્કેટ જવું છે.... તે કહ્યું કે ચાલો...'
'આવજો....'
'આ આવ્યો. શું બતાવો છો ?'
'આમાં બતાવવાની વાત ક્યાંથી આવી, હેં ?'
'કેમ, તમે કહ્યું નહીં કે આવ... જો.... આવો ને જુઓ?'
'મેં આવજો..... ગુડ બાય કહ્યું હતું !'
'અચ્છા, એવું છે ? હું સમજ્યો કે....'
'રહેવા દો.... તમે સમજ્યા કરતાં ગેરસમજ વધારો કરો છો...'
'તો શું કરું ?'
'શેનું શું કરું?'
'મારી આ આવડતનું !'
'કઈ તમારી આવડત ?'
'ગેરસમજ કરવાની આવડત.'
'હેં, એને કોઈ જ એંગલથી આવડત ના કહેવાય !!'
'તો શું કહેવાય ?'
'અણ આવડત'
'પણ હું તો મારી અણઆવડતને આવડત જ કહીશ. અણ આવડતને આવડત કહેવી એય એક આવડત ને આર્ટ જ છે ને ?'
'રહેવા દો, હોં....'
'શું રહેવા દઉં... હજુ મેં કંઈ કર્યું જ નથી તો શું રહેવા દઉં.....'
'હે, ભગવાન ! તોબા છે..... તમારાથી....'

● ● ●

ઘર સંસારમાં - મિત્રો વચ્ચે કયારેક કયારેક આવી મજાક એકબીજાની ખેંચવાની રમત સારી ને જરૂરી છે... લાઈવ રહેવાય... અને દેશના, દુનિયાના, ગમે તે ભાષા-પ્રદેશના ઘરોમાં, સમાજમાં આવી નોકઝોક થતી જ રહેતી હશે એની ગેરંટી છે. પરંતુ આવી મજાક દરમિયાન કયારે નમતું જોખવું એની ય આવડત હોવી જોઈએ.... વાત માંડતા ને કરતાં આવડવી જોઈએ એમ એને પૂરી કરતાં કે પડતી મૂકવાની તૈયારી ને આવડત જરૂરી છે નહીં તો વાતનુ વતેસર ને રમૂજમાંથી રમખાણ થવાના 'ચાન્સીસ' પણ રહે છે !!

અમારા રેડ અંકલ કહે છે એમ નમતું મૂકવામાં નાનમ નથી... નમતું ના મૂકવાથી નાની બાબત મોટું સ્વરુપ લઈ લેવાનું જોખમ લેવા 'રેડી' રહેવું પડે.... તાણો -ખેંચો પણ એટલું બધું નહીં કે તૂટી જાય....સંબંધ પૂરા થઈ જાય. બેય પક્ષ નમવામાં નાનમ માને ત્યારે પરિણામ કડવાશ અને કકળાટ સિવાય કશું ના આવે એ સમજે તે શાણો... માટે દરેકે દરેક બાબતમાં નમતું જોખવાની કળા હસ્તગત કરવી જરૂરી છે.

'કાકા અનાજ-કરિયાણાનો - શાકભાજીનો ધંધો કરનાર નમતું જોખ્યા કરે તો નુકશાન જ કરે....'

'પનુભાઈ..... એવા ધંધાદારી પણ ભાવતાલ ને તોલમાપમાં થોડું નમતું જોખતા રહે તો ગ્રાહક રાજ્જા થઈ રહેતા હોય છે અને સરવાળે વેપારીને ફાયદો જ થતો હોય છે...'

'એ તો સાચું, અંકલ..... અમે ને લાલાકાકા એમના ઘર આગળ ઊભા રહીને વાતો કરતા હતા ત્યાં ચંદ્રયાન-૩ની જેમ કાકીએ એકદમ અંદર ઘરમાંથી આવીને અમારી પાસે લેન્ડીંગ કર્યું અને કહ્યું : 'તમે તો રહેવા જ દો.....'

'કાકી....'

'તમને નહીં, ભાઈ.... આમને તમારા કાકાને કહું છું.....' થોડા ક્રોધિત ભાવે કાકીએ કહ્યું....

'હું શું રહેવા દઉં? શાક લેવા નીકળ્યો છું તે એ લેવા જવાનું રહેવા દઉં?'

'ના.... તમે છે ને વાતોના વડા તળવાનું રહેવા દો....' કાકીએ કાકા સામે છણકો કર્યો અને પછી મારી સામે ફરીને બોલ્યા : 'પનુભાઈ, તમારા બંનેની વાતો મેં સાંભળી છે... તમારા કાકા નમતું જોખવાની ને વાતને ના વધારવાની સલાહો આપતા હતા ને ? પણ એમને પૂછો કે એ કયારેક નમતું જોખે છે ખરાં !'

'અંકલ, કાકીની વાત....સાચી છે... પણ એની વાત જ એવી હોય છે ?'

કાકી ઉકળી પડ્યા : 'આપણી વચ્ચે વાદ-વિવાદ થઈ ત્યારે દર વખતે હું જ 'સારું... જવા દો.... તમે સાચા' કહીને નમતું જોખતી હોઉં છું. ખરું કે નહીં ?

'હા... સાચું... પણ હું નમતું જોખું એ પહેલા તું જ એમ કહી દે પછી મારે.....'

'બસ, હોં..... અને આ તમે કહો છો પણ આપણા દેશમાં રાજકીય પાર્ટીઓ કાયમ એકબીજાની સામે બાંયો ચઢાવીને જ ફરતી હોય છે.... ત્યાં કેમ કહેવા જતા નથી કે અલ્યા ભાઈઓ, જરા સમજો.... ઝઘડ્યા વગર જરા નમતું જોખો તો દેશમાં વાતાવરણ ડોહળાય નહીં... શાંતિ રહે.. કેમ કહેતા નથી, હેં ?'

'ગાંડા જેવી વાત ના કર.... પરિવારમાં, પડોશમં કહેવાય. પોલીટિકલ પાર્ટીઓને ના કહેવાય....'

'સારુ... પણ તમે મારી પેલી વાત કેમ કયારેય માનતા નથી... હું કહું છું ત્યારે તરત દલીલો કરવા માંડો છો... અને મારી લાખ દલીલ છતાં નમતું જોખતા નથી...'

'પણ તારી વાત જ એવી હોય છે કે મારે કઈ રીતે માનવી ? એ મુદ્દે હું કઈ રીતે નમતું જોકી શકું ?'

'રેડ અંકલને કાકીની મોઘમ ચર્ચાથી મૂંઝાયેલા અમે સ્પષ્ટતા માટે પૂછ્યું : 'અંકલ, કાકીની એવી કઈ વાત છે કે તમે સ્વીકારી ના શકો....?'

'જવા દો ને.... હવે, પનુભાઈ...'

'ના, કહો તો ખરા...કા'કા.'

'આ તમારી અંકલી... સોરી, કાકી મને કહે છે કે તમે આમ રોજ સવારે પારકાને ત્યાં ચા પીવા પહોંચી જાવ છો તે સારું નથી.' આ ટેવ છોડો.... રોજ રોજ મારે તમારે ત્યાં ના આવવું....'

'તે એમાં હું ખોટું શું કહું છું ? દરરોજ સવારના પોરમાં કોઈના ઘરે અડીંગો જમાવવા ને ચા પીવા જવાતુ હશે ! એમાં મારું કેટલું ખરાબ દેખાય !! હવે મારી વાત માનો તમે નમતું જોખો અને બીજાના ઘરે ચા પીવા રોજ રોજ જવાનું છોડો....' અકળાયેલાં કાકીએ ઊંચા અવાજે અને એક શ્વાસે બોલી નાખ્યું...

રેડ અંકલે પહેલા કાકી તરફ ને પછી અમારી સામે જોઈને કહ્યું, : 'પનુભાઈ, તમારી કાકી મને પણ સાચું બોલજો તમે કંઈ કોઈ છો? પારકા છો? બીજા છો'

'ના.....'

'તો આને સમજાવો કે પોતાના હોય એને ત્યાં રોજ રોજ જવાય.... દિવસમાં બે વારે ય જવાય ને ચા પીવાય !'

'શું ? હેં ? લાલાકાકાનું લોજિક સાંભળી કાકીના ને અમારા મોંમાંથી નીકળી ગયું!!'



# અજાણી જોડ ભાઈ-બહેનની !



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) જયાં મંથન હોય, ત્યાં જ અમૃત હોય. અમૃતની પ્રાપ્તિ માટે દેવો અને દાનવોએ સમુદ્રનું મંથન શરૂ કર્યું. સ્વાર્થ એક હોય તો બે શત્રુઓ પણ ભેગા થઈ જાય ! મંથનને પરિણામે, અમૃત તો ખરું જ. સાગરમાંથી આ પ્રગટ્યા - ગાય.

કામધેનુ, અશઅવ, ઉચ્ચૈ :શ્રવા, હાથી ઐરાવત, અપ્સરાઓ, ચંદ્રમા, કૌસ્તુભમણિ. આ તો ખરું જ, પરંતુ ભગવતી લક્ષ્મી સમુદ્રમાંથી પ્રગટ્યા ! દેવો ખુશખુશાલ ! એમણે દેવીન વસ્ત્ર અલંકારથી સુશોભિત કરી દીધા. સમુદ્ર પોતે પુરુષ સ્વરુપમાં ઉપસ્થિત થયા. પ્રસન્ન થયા. દિવ્યકમળોની માળા દીકરીને આપી. ત્યાં દેવો ઉપસ્થિત હતાં, તેમાં ભગવાન વિષ્ણુ હતા. ભગવતી નજાકતથી, સ્મિત સાથે એમની પાસે આવ્યા, અને 'કમળમાળા' એમના કંઠમાં પહેરાવી દીધી. સ્વયં વરણ કરી લીધું.

(૨) ભગવાન શિવ તો આશુતોષ - જલદીથી ગુસ્સે થઈ જાય. અને આશુતોષ - જલદીથી સંતોષ પોમ, રાજી થઈ જાય. આવું જ બન્યું એકવાર. દેવરાજ ઈન્દ્ર એના અપરાધમાં આવ્યા. શિવજી ગુસ્સે થયા. એમને ત્રીજું નેત્ર ખોલ્યું. એમાંથી અગ્નિ પ્રગટ્યો. હાહાકાર થઈ ગયો. પંતુ દેવોના ગુરુ બૃહસ્પતિએ બાજી સંભારી લીધી. એમણે શિવજીને શાંત કર્યા. ક્રોધ તો શમી ગયો. પરંતુ આ અગ્નિનું શું કરવું ? ભગવાને આ અગ્નિને સમુદ્રમાં ફેંકી દીધો. ત્યાં તો ચમત્કાર થયો. ત્યાંથી એક બાળક પ્રગટ્યો. એણે ઊંચા અવાજે રડવાનું શરૂ કર્યું. પ્રજાપિતા બ્રહ્મા તરત જ દોડી આવ્યા. ફરી, સમુદ્ર પુરુષ સ્વરુપમાં ઉપસ્થિત થયા. એણે બાળકને ઊંચકીને, રાજી થઈને, બ્રહ્માજીના ખોળામાં મૂક્યું. અને પ્રશ્ન કર્યો - 'આનું ભવિષ્ય શું છે ?'

હજી બ્રહ્માજી કાંઈ જવાબ આપે, એ પહેલાં તો, બાળકે એની ગળચી પકડી લીધી. ભીંસ વધારી, બ્રહ્માજીની આંખમાં અશ્રુજળ સરી પડ્યું. એણે ડોક તો છોડાવી લીધી પછી કહ્યું, 'આણે મને અશ્રુજળ વહાવી દીધું છે આ જલંધર કહેવાશે. એ પરમ જ્ઞાની અને ભારે પરાક્રમી થશે. ભગવાન વિષ્ણુ પણ આને જીતી નહિ શકે. એ કોઈનાથી નહિ મરે. એકમાત્ર શિવજીથી એ મરશે.'

(૩) આ રીતે આ બે લક્ષ્મીજી અને જલંધર સાગરના સંતાનો - બહેન અને ભાઈ.

(૪) જલંધરનું રાજયારોહણ થયું. એ ગાદીએ બેઠો. એને શુક્રાચાર્ય પાસેથી ખબર પડી કે, સમુદ્ર મંથન વખતે, અમૃત ને લઈને, દેવોએ, છેતર્યા છે. એણે સ્વર્ગ ઉપર આક્રમણ જ કરી નાખ્યું. દેવોનો સખેત પરાજય થયો. તેઓએ અમરાવતી છોડીને નાસી જવું પડ્યું.

(૫) સૌ દેવો હતાશ થઈ ગયા. ભગવાન વિષ્ણુને શરણે આવ્યા. અને વિનંતી કરી. 'તમે નેતૃત્વ સંભાળો, અને અમને જીતાડો.' વિષ્ણુજીએ સંમતિ આપી. એટલે ભગવતી લક્ષ્મી એમને એકાન્તમાં મળ્યા. અને કહ્યું, 'તમે લડાઈ-બડાઈ ભલો કરો. એ મારો ભઈલો છે.' વિષ્ણુએ ખાતરી આપી - 'એને કશું થાય એમ નથી.'

(૬) યુદ્ધ ચરમસીમા ઉપર હતું. હવે વિષ્ણુ અને જલંધર દ્વંદ્વયુદ્ધ ઉપર ઊતરી આવ્યા. કોઈ એકબીજાને મચક ન આપે. અંતે ભગવાન વિષ્ણુ હસી પડ્યા, અને ક્યું, 'હું તારા પરાક્રમથી પ્રસન્ન થયો છું. વરદાન માગી લે.' જલંદર પગમાં પડ્યો અને વિનંતી કરી. 'તમે મારી બહેન લક્ષ્મીને લઈને, મારે મહેલે પધારો. મારી મહેમાનગતિ માણો.' ભગવાન રાજી થઈને સંમતિ આપી. મનમાં બોલ્યા 'આણે અમને સ્નેહના તાંતણે બાંધી લીધા.'